જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૨/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>
<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>

ડી.સી.પી. ઝોન-૩ નાઓનાં માર્ગદર્શન હેઠળ આજરોજ એ.એમ.ટી.એસ. ટ્રેનીંગ સેન્ટર ખાતે "ORGANISES CYBER CRIME INVESTIGATION SEMINAR" નું આયોજન કરવામાં આવેલ હતુ. જે સેમીનારમાં એ.સી.પી.શ્રી "ડી" ડિવીઝન, એ.સી.પી.શ્રી "ઇ" ડિવીઝન, સ્પીકર વિકાસ નાયક (H.O.D.CYBER EXPERT MAHARASTRA POLICE ACADAMY) તેમજ અમર ઠાકરે (FORENSIC EXPERT) નાઓની હાજરીમાં સાયબર ક્રાઇમ અંગે પોલીસ કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.




રાણીપ પોલીસ સ્ટેશન :

આજરોજ સ્ટુડંટ પોલીસ કેડેટ તેમજ સુરક્ષા સેતુ અંતર્ગત રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારની એન.કે.દેસાઇ વિધ્યાલય ખાતે ટ્રાફીક નીયમન, વ્યશનમુક્તી, તેમજ કન્યા કેળવણી બાબતનો સેમીનાર તા.૨૦/૦૨/૨૦૧૭ ના રોજ સવાર કલાક ૧૧/૦૦ થી ૧૨/૦૦ દરમ્યાન યોજવામાં આવેલ હતો. જેમા રાણીપ પોલીસ સ્ટાફ, શાળાના આચાર્ય તથા અન્ય સ્ટાફ તથા વિદ્યાર્થીઓ (આશરે ૫૦) જેટલા હાજર રહેલા. જેઓને રાણીપ પોલીસ તરફથી સુરક્ષા સેતુ અંતર્ગત જરૂરી માર્ગદર્શન પૂરુ પાડવામાં આવેલ હતુ.






Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

નિકોલ પોલીસ સ્ટેશન :

આજરોજ નિકોલ પોલીસ દ્વારા સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારની દિપક સ્કુલ તેમજ દેવશ્ય સ્કુલ નાં બાળકોને તા.૨૦/૦૨/૨૦૧૭ ના રોજ સવાર કલાક ૧૦/૦૦ થી સાંજનાં ૫/૦૦ દરમ્યાન સુરક્ષા સેતુ અંતર્ગત વિવિધ કાર્યક્રમો અંગેની માહિતી દર્શાવતા ફોટા તેમજ વિડીયો બતાવવામાં આવ્યા હતા. તેમજ નિકોલ પોલીસ તરફથી સુરક્ષા સેતુ અંતર્ગત જરૂરી માર્ગદર્શન પૂરુ પાડવામાં આવેલ હતુ.






Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

# <u>લુંટ કરતી રીક્ષાટોળકીને પકડતી શહેરકોટડા પોલીસ</u>

અમદાવાદ શહેર વિસ્તારમાં હાલમાં કેટલાક ઓટોરીક્ષા ચાલકો દ્વારા રાત્રીના સમયે પેસેન્જરોની લુંટના બનાવો વધવા પામેલ હોય જે લુંટ કરતા ગુનેગારોને શોધી કાઢવા માટે મે. પોલીસ કમિશ્નર સહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સહેબ શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર સહેબ શ્રી ઝોન-૩ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ કરેલ જરુરી સુચના આધારે સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર શહેરકોટડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડના પો.સબ.ઇન્સ. એન.બી.સોલંકી તથા પોલીસ સ્ટાફના માણસો મારફત પો.કોન્સ. જયશુખભાઇ શામજીભાઇ તથા પો.કોન્સ. જલાભાઇ પીરાભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે અમદુપુરા નરોડા રોડ ખાતે થી આરોપીઓ (૧) અજય ઉર્ફે કટપ્પા સુગરસિંગ હોતમસિંગ જાતે-પરિહાર ઉ.વ-૧૯ રહે-કુંભાજીની ચાલી નિલકંઠ પાર્ટીપ્લોટની પાછળ મેઘાણીનગર અમદાવાદ શહેર (૨) રવિકાંત ઉર્ફે રવિ ઉર્ફે લુટેરો સુરેશસિંગ બઘેલ ઉ.વ. ૨૦ રહે, આંબેડકર નગર લા.નં ૧ પ્રેમનગર મેમ્કો અમદાવાદ શહેર તથા બે બાળકિશોરો નાઓને તા.૧૭/૦૨/૧૭ ના ક.૨૦/૪૦ વાગે પકડી ઓટોરીક્ષા નં. GJ-01-BZ-8784 કિ.રૂ.૪૫૦૦૦/- તથા સેમસંગ મોબાઇલ ફોન નંગ ૨ કિ.રૂ.૧૨૦૦/- ઇન્ટેક્ષ મો.ફોન ૧ કિ.રૂ.૨૦૦/- તથા કેનવુડ વોકીટોકી સેટ નંગ ૧ કિ.રૂ.૭૦૦૦/- તથા રોકડા રૂ.૪૦૦૦/- મળી કુલ્લે કી.રૂ.૫૭૪૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે.

(૧) શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૩૦/૧૭ ઈ.પી.કો કલમ ૩૯૪, ૩૯૨, ૧૧૪ મુજબ
(૨) શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૩૧/૧૭ ઈ.પી.કો કલમ ૩૯૪, ૩૯૨, ૧૧૪ મુજબ
(૩) શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૩૨/૧૭. ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનઓ શોધી કાઢી આરોપીઓને સદર ગુનાઓના કામે એરેસ્ટ કરી આરોપીઓના નામદાર કોર્ટ થી દિન-૨ ના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવી રીમાન્ડ દરમ્યાન આરોપીઓની સઘન પુછ પરછ કરતા આરોપીઓએ મેઘાણીનગર વિસ્તારમાંથી ચોરી કરેલ ઓટોરીક્ષા નં GJ-01-BY-0845 કિ.રૂ.૩૫૦૦૦/- તથા ચાંદિની એક જોડ પાયલ કિ.રૂ.૨૮૦૦/- તથા સોનાની વીંટી કિ.રૂ.૧૦,૦૦૦/- તથા મો.ફોન નંગ ૪ કિ.રૂ.૯૦૦૦/- મળી કુલ્લે રૂ.૫૬૮૦૦/- નો વધુ મુદ્દામાલ કબ્જે કરી

(૪) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૦/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪
(૫) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૨/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪
(૬) શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૧૩૩/૧૬ ઈ.પી.કો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૧ મુજબ તથા
(૭) શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૩૪/૧૭ ઈ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦ ૧૧૪ મુજબના વાહનચોરી, લુંટ, ઘરફોડ ના ગુનાઓ કરતા ટોળકીને પકડી પાડી <u>કુલ્લે ૭ ગુનાઓ</u> શોધી કઢી કુલ્લે રૂ.૧,૧૪,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે અને આગળની તપાસ પો.સબ.ઈન્સ. એન.બી.સોલંકી નાઓ ચલાવે છે.
તા.૨૦/૦૨/૧૭






Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)